Appendix-F

(Rule G(2),7,14(1))

ગુણ : 100 | તારીખ : ૨૮/૧૨/૨૦૨૫

સમય : 11.00 to 12.00 AM | સ્થળ : ધર્મસિંહ દેસાઇ યુનિવર્સીટી, ફેકલ્ટી ઓફ ટેકનોલોજી, કોલેજ રોડ, નડિયાદ.

**<u>પરીક્ષા અંગેની સૂચનાઓ</u>**

(૧) પ્રાથમિક- લેખિત -પરીક્ષાનો અભ્યાસક્રમ અને વિષય ગુણભારાંક નીચે મુજબનું રહેશે.

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | Reasoning | 40 Marks |
| 2 | Quantitative Aptitude | 30 Marks |
| 3 | English | 15 Marks |
| 4 | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

(૨) - દરેક પ્રશ્ન ( એક ) માર્કસ નો રહેશે.

(3) ઉમેદવારે તમામ પ્રશ્નનોનો પ્રયાસ કરવાનો રહેશે,

(૪) ખોટા જવાબ સાથે દરેક પ્રયાસ કરેલ પ્રશ્ન 0.25 નો નકારાત્મક ગુણ ધરાવશે.

(૫) દરેક પ્રશ્નમાં " પ્રયાસ કર્યો નથી " નો એક વિકલ્પ રહેશે. જો ઉમેદવાર જવાબ આપવાનો ઇરાદો ધરાવતો નથી. તો આ વિકલ્પ પસંદ કરી શકે છે. જો ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે છે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહી.

(૬) આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં આપનો પ્રવેશ સંસ્થાની જાહેર ખબર અને તેને સૂચનાઓને આધારે આપે ભરેલ અરજીપત્રમાંની વિગતો અને તે હેઠળના સોગંધમાં ખરાપણાને આધીન આપવામાં આવે છે જેમાં ભવિષ્યમાં ક્ષતિ જણાયે સંસ્થા ધ્વારા આપને કોઇપણ તબક્કે ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૭) પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટેનાં કોલ લેટર કમ હાજરીપત્રક આપે આપેલ અરજી પત્રકમાં દર્શાવેલ ઈ-મેઈલ ' પરથી ડાઉનલોડ કરી પોતાનો ફોટો ચોટાડી પરિક્ષા સમયે સાથે રાખવાનો રહેશે.

(૮) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધાર કાર્ડ પૈકી કોઇપણ એક ઓળખપત્રની ઓરિજિનલ તથા ઝેરોક્ષ નકલ સાથે લાવવાની રહેશે.

(૯) આ પરીક્ષાના પ્રશ્નપત્રનું ઉત્તરપત્રમાં જવાબો OMR ( ઓપ્ટીકલ માર્ક રીડીંગ ) પધ્ધતિનું રહેશે.

(૧૦) OMR પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની ઉત્તરપત્ર OMR અને પ્રશ્નપત્ર ઉપર આપેલી સૂચનાઓ અચૂકપણે વાંચવી.

(૧૧) નિર્ધારિત સમય કરતા ૬૦ મિનીટ અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે આપની બેઠક ઉપર હાજર થવાનું રહેશે.

(૧૨) OMR પધ્ધતિથી ઉત્તરપત્રોની ચકાસણી સમયે ખોટા જવાબ ચેકા-ચેક , એક થી વધારે જવાબો આપેલ હોઈ તેના જવાબો આપેલ હોય તેના જવાબોના ગુણ નું મૂલ્યાંકન માઇનસ પધ્ધતિની ( -૦.25% ) ફોર્મ્યુંલા છે.

(૧૩) આપ ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય. તથા મોબાઇલ, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

(૧૪) પરીક્ષા શરુ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહિ. તથા હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય સુધી પરીક્ષાખંડ છોડી શકાશે નહી.

(૧૫) ઉતરપત્રમાં લખવા માટે ભૂરી અથવા કાળી બોલપેનનો જ ઉપયોગ કરવો. પેન્સિલ નો ઉપયોગ કર્યો હશે તો ક્ષતિયુક્ત OMR ઉત્તરપત્ર રદ ગણીને કોમ્પુટર ઉત્તરપત્ર ચકાસશે નહિ. જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

(૧૬) ઉમેદવાર પરીક્ષાની સરુઆતમાં હાજરીપત્રકની નીચેના ભાગનું અડધિયું તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર

(OMR SHEET ) પરીક્ષાખંડના નિરીક્ષકશ્રી ને પરત સોપ્યાબાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે.તેમ  ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે, પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર ફક્ત પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પાસે રાખી શકશે.

(૧૭) ચેતવણી :  સંસ્થા ધ્વારા થઈ રહેલ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ ધ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઇપણ જાતની ભલામણ,લાગવગ, કે દબાણ લાવવાનો પ્રયાસ કરાશે તેવા ઉમેદવારને સંસ્થા ધ્વારા ગેરલાયક ઠરાવી શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

(૧૮) વિશેષ સુચના :  ઉમેદવારોને લાંચ રુશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં  આવે છે.

(૧૯) પરીક્ષા નું પરિણામ યુનિવર્સીટીની વેબસાઇટ www.ddu.ac.in પર મૂકવામાં આવશે.